# માન્યતા પ્રમાણપત્ર

પ્રમાણપત્ર ક્રમાંક.જિ.પં/શિક્ષણ/વહટ–૧/
ખા.પ્રા.શા./વશી/ ૨૩૫ /૧૬
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ,
તા. ૦૧ /૦૬ /૨૦૧૬.

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી
મંગલમ્ એજયુકેશન ટ્રસ્ટ
વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ,
મગોદ, તા. જિ.વલસાડ

વિષય :– ખાનગી પ્રાથમિક શાળા (નોન ગ્રાન્ટેડ) ની માન્યતા આપવા બાબત.
સંદર્ભ:–(૧) આપના મંડળ/ ટ્રસ્ટ દ્વારા તા.૨૯/૦૧/૧૬ થી રજુ થયેલ દરખાસ્ત.
(૨) તપાસ સમિતિ દ્વારા મળેલ તપાસ નિરીક્ષણ અહેવાલ

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપના મંડળ/ટ્રસ્ટ દ્વારા જુન–૧૬ થી વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ, મગોદ, તા.જિ.વલસાડ (નોન ગ્રાન્ટેડ અંગ્રેજી માધ્યમ) શરૂ કરવા અંગે સંદર્ભિત પત્રથી અત્રે મળેલ દરખાસ્ત અન્વયે તપાસ સમિતિ દ્વારા આપના ટ્રસ્ટ/મંડળ દ્વારા સુચિત શાળા સ્થળની મુલાકાત–ચકાસણી–નિરીક્ષણ કરતાં સંદર્ભિત પત્રથી રજુ કરેલ અહેવાલ અન્વયે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાતના બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઈઓને આધિન રહીને, આથી, નીચેની શરતોએ જુન–૨૦૧૬ થી ધોરણ–૧ થી ૫ ( અંગ્રેજી માધ્યમ) માટે વલસાડ જિલ્લા (શહેર) માં આવેલી વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ, મગોદ, તા.જિ.વલસાડનાં વ્યવસ્થાપકને માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**શરતો**

૧. આપેલ માન્યતા લંબાવવાપાત્ર નથી અને તેનો ગર્ભિત અર્થ કોઈ પણ રીતે ધોરણ ૮ થી ઉપરનાં ધોરણથી માન્યતા આપવાના/જોડાણ કરવાના કોઈ બંધન તરીકે થશે નહિ.
૨. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ ( સને– ૨૦૦૯નાં ૩૫ માં) ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો ૨૦૧૨ ની જોગવાઈઓ, ભારત સરકારે અને રાજય સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અને કોઈ સુચનાઓ, આદેશો અથવા સરકારી ઠરાવો શાળાને બંધનકર્તા રહેશે.
૩. શાળાએ નજીકનાં વિસ્તારમાંના નબળા વર્ગનાં બાળકો અને વંચિત જૂથનાં બાળકોને, પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ ૧માં તે ધોરણનાં સંખ્યાબળનાં ૨૫% સુધી, પ્રવેશ આપવો જોઈશે અને મુકત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પૂરું પાડવું જોઈશે.
૪. કેપિટેશન (માથાદીઠ) ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી, ટ્રસ્ટ, મંડળી અથવા શાળાએ કોઈપણ કેપિટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈએ નહિ.
૫. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેણીના માતા–પિતા અથવા વાલીઓનો કોઈપણ રીતે કોઈ સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઈએ નહિ.
૬. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતિ, જન્મ સ્થળ અથવા તે પૈકી કોઈપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહિ.

